M.phil (ELT) Syllabus

# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA
NAAC Accreditation CGPA 3.25 Grade - 'A' (23-1-2017 to 22-1-2022)
Website : www.spuvvn.edu Phone: (02692) 226867, 226805

**ACADEMIC SECTION**

નંબરઃ ડી/એ-૧૪/૪૬૨૪(૨) તારીખઃ૨૪/૧૦/૨૦૧૭

પ્રતિઃ
વડાશ્રી,
અનુસ્નાતક અંગ્રેજી વિભાગ
સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

પ્રતિઃ
નિયામકશ્રી,
એચ.એમ.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ
ઇંગ્લીશ ટ્રેઈનીંગ એન્ડ રિસર્ચ(CPE),
વલ્લભ વિદ્યાનગર..

સુજ્ઞશ્રી/સુશ્રી,

તારીખઃ ૭/૧૦/૨૦૧૭ના રોજ મળેલ અંગ્રેજીની અભ્યાસ સમિતિની સભાએ ઠરાવ ક્રમાંકઃ૨ અને ૩ થી નીચે મુજબ ઠરાવેલ છે.

૨. નિયામકશ્રી, એચ.એમ.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇંગ્લીશ ટ્રેઈનીંગ એન્ડ રિસર્ચ(સીપીઇ), વલ્લભ વિદ્યાનગરે તેઓના તારીખઃ૧૩/૯/૨૦૧૭ના પત્ર ક્રમાંકઃ ૨૮૪ થી તેઓની ઈન્સ્ટિટ્યૂટમાં ચાલતા એમ.ફીલ(ઇએલટી)ના અભ્યાસક્રમને મંજૂર કરવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.ફીલ(ઇએલટી)ના અભ્યાસક્રમમાં યુ.જી.સી. તથા યુનિવર્સિટીના એમ.ફીલ.ના રેગ્યુલેશન મુજબ ફેરફાર કરવાનો હોવાથી સદર અભ્યાસક્રમ જરૂરી સુધારા સહિત મંજૂર કરવો. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ થી કરવો.

વધુમાં ઉપરોકત અભ્યાસક્રમનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રી મંજૂર કરે તે માટે માનનીય કુલપતિશ્રીને વિનંતી કરવી.

૩. હાલના પ્રવર્તમાન એમ.ફીલ.(અંગ્રેજી)ના અભ્યાસક્રમના બીજા સેમેસ્ટરના બીજા પેપરમાં ફેરફાર કરી બિડાણમાં દર્શાવ્યા મુજબ મંજૂર કરવું. તેમજ તેનો અમલ જૂન-૨૦૧૭ થી કરવો.

વધુમાં સદર પેપરમાં થયેલ સુધારાનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રી મંજૂર કરે તે માટે માનનીય કુલપતિશ્રીને વિનંતી કરવી.

ચાલુ...



From SPU

ઉપરોકત બાબતોનો અમલ જૂન-૨૦૧૭ થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ મા.કુલપતિશ્રીએ મંજૂર કરેલ છે.

સદર બાબતે આગળની ઘટતી કાર્યવાહિ કરવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

મદદનીશ કુલસચિવ

બિડાણઃ ઉપર મુજબ

નકલ સવિનય રવાનાઃ

૧) ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા તરફ જાણ સારૂ.

૨) ચેરમેનશ્રી, અંગ્રેજીની અભ્યાસ સમિતિ તરફ જાણ સારૂ.

૩) પરીક્ષા વિભાગ તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહિ કરવા સારૂ.

૪) નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર તરફ આ સાથેના સિલેબસ યુનિવર્સિટીની વેબસાઇટ પર અપલોડ કરવા અંગેની ઘટતી કાર્યવાહી કરવા સારૂ.